# ધોળાકુવામાં ઝાડા-ઉલ્ટીના વધુ ૨૫ કેસ

**ધોળાકુવામાં ઓ.પી.ડી. શરૂ કરાઈ : સાદા ઝાડાના કેસો જ હોવાનો દાવો કરતુ તંત્ર છતાં સેમ્પલ ચકાસણી માટે મોકલાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવામાં ગઈકાલે ઝાડા-ઉલ્ટીના કેસો પછી આજે બીજે દિવસે વધુ ૨૫ કેસ નોંધાયા છે.

ધોળાકુવામાં ઝાડાના નોંધાયેલા કેસો સાદા ઝાડા હોવાનું તંત્રએ જણાવ્યુ છે. જો કે તંત્રએ આમ છતાં ત્રણથી ચાર સ્ટૂલ સેમ્પલ ચકાસણી માટે મોકલી આપ્યા છે. તંત્રએ ગામમાં ખાસ ઓ.પી.ડી. પણ શરૂ કરી દીધી છે. આ ઓ.પી.ડી.ની ૭૦ જેટલા દર્દીઓએ સેવા લીધી હતી.

તંત્ર દ્વારા આજે ૧૫ જેટલી ટીમો દ્વારા સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ હતુ. આ ટીમોએ ૭૯૯ જેટલા ઘરોમાં સર્વે કરી ૩૭૬૪ લોકોને આવરી લીધા હતા. તમામ દર્દીઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્રએ આજે પણ ૧૮૨ થી વધુ ઓ.આર.એસ.ના પેક્ટ્સ તેમજ બે હજારથી વધુ ક્લોરીનની ટેબ્લેટ્સનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

તંત્રએ આ અસરગ્રસ્ત વિસ્તારમાં એક લિકેજ શોધી માર્ગ-મકાન વિભાગને આપ્યુ છે. માર્ગ-મકાન વિભાગ દ્વારા ગટરની સફાઈ અને પાણીની પાઈપલાઈનના રિપેરીંગની કામગીરી ઝડપી બનાવવામાં આવી છે.

# ધોળાકુવામાં દુષિત પાણીની સમસ્યા ડામવા મેઈનહોલની સફાઇ આરંભાઈ

**જિલ્લા કલેકટરે મુલાકાત લઇ તંત્રના અધિકારીઓને સમસ્યાનો ઉકેલ લાવવા કડક સુચના આપી : ચોક અપ થયેલા ગટરના મેઇનહોલની સફાઇ કરવાનુ કામ શરૂ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના ધોળાકુવા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી દુષિત પાણી આવતુ હોવાના લીધે ગ્રામજનોના આરોગ્ય પર ખતરો મંડરાયો છે. ગામમાં ઝાડા ઉલ્ટીના કેસ પણ વધ્યા છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે આજે જિલ્લા કલેકટરે ધોળાકુવા ગામની મુલાકાત લઈ દુષિત પાણીની સમસ્યાનો ત્વરિત ઉકેલ લાવવા ગટર વિભાગના અધિકારીઓને સુચના આપી હતી. ગામમાં ગટર લાઇનના ૧૮ મેઇનહોલની સફાઇ માટે તંત્રએ ટીમ કામે લગાડી છે.

ગાંધીનગરના ધોળાકુવા ગામમાં છેલ્લા કેટલાક સમયથી દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદોના લીધે ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. ધોળાકુવામાં પીવાના પાણી સાથે ગટરનુ દુષિત પાણી ભળી ગયુ હોવાની ફરિયાદોના નિકાલ માટે સ્થાનિક અગ્રણીઓ તેમજ ગ્રામજનો દ્વારા પાટનગર યોજના ભવન સંમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી. એકબાજુ કલોલમાં ઝાડા ઉલ્ટીના રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. જેના લીધે



આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયુ છે. ત્યારે ગાંધીનગરના ધોળાકુવા ગામમાં પણ ગઈકાલે ઝાડા ઉલ્ટીના ૧૬ જેટલા કેસ નોંધાયા હતા. આ સ્થિતિને અનુલક્ષી આજે ધોળાકુવા ગામમાં દુષિત પાણીના પ્રશ્ને સ્થિતિનો તાગ મેળવવા માટે જિલ્લા કલેકટર કુલદીપ આર્યા તેમજ ડેપ્યુટી મ્યુનિસ્પિલ કમિશ્નર સહીત આરોગ્ય વિભાગની ટીમે ઓચિંતા મુલાકાત લીધી હતી. આ દરમિયાન ગામના દંતાણી વાસ અને ઠાકોરવાસમાં દુષિત પાણીની ફરિયાદો મામલે સ્થળ પર હાજર પાટનગર યોજના ભવનના ગટર વિભાગના અધિકારીઓને પણ ખખડાવ્યા હતા. ગામમાં ગટરો ઉભરાતી જોઇને જિલ્લા કલેકટર પણ ચોંકી ગયા હતા. જિલ્લા કલેકટરે ત્વરિત અસરથી ગામમાં પાણી ગટરની ફરિયાદોનો ઉકેલ લાવવા કડક સુચના આપી હતી.



ગટર વિભાગના અધિકારીઓએ જણાંવ્યુ હતુ કે ગામના દંતાણી વાસમાં ગેરકાયદેસર જોડાણ પણ વધુ છે. જેના લીધે રબ્બરની પાઇપ મુકીને પણ પાણી ખેંચવામાં આવે છે. ગટર લાઇનના મેઇન હોલમાં ચોક અપ થયા છે. અગાઉ કોર્પોરેશન દ્વારા સી સી રોડનુ કામ હાથ ધરાયુ હતુ જેના લીધે ગટર લાઇનના મેઇનહોલ કચરાથી ભરાઇ ગયો હોવાનુ પણ માલુમ પડી રહ્યુ છે.

હાલ ગામમાં ૮ જેટલા મેઇન હોલની સફાઇ કરી કચરો ઉલેચવામાં આવ્યો છે. જયારે હજુ પણ બાકી રહેતા ૧૦ મઇનહોલની સફાઇ કરી દેવાશે. ધોળાકુવામાં દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદોના લીધે સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે જયારે આ સ્થિતિ વચ્ચે ગ્રામજનોનુ આરોગ્ય પણ જોખમાયુ છે. જો કે જિલ્લા કલેકટરની મુલાકાતના અંતે પાણી ગટરની સમસ્યા ત્વરિત દુર કરવા તંત્રની ટીમ કામે લાગી છે. આ દરમિયાન મેડિકલ સર્વેલન્સ ટીમે પણ ઝાડા ઉલ્ટીની અસરથી પ્રભાવિત ગ્રામજનોને દવાનુ વિતરણ કર્યુ હતુ.

# કોલેજો અને ધો. ૧૨ના વર્ગો ૧૫મીથી શરૂ

**૫૦ ટકા કેપેસીટી સાથે વર્ગો શરૂ કરાશે : વાલીઓની સંમતિ ફરજીયાત લેવાની રહેશે**

ગાંધીનગર, તા. ૯

કોરોનાના કેસ ઓછા થતા આખરે ધીમે ધીમે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૫મી જુલાઈથી રાજયમાં ધો. ૧૨ના વર્ગો, પોલીટેકનીક સંસ્થાઓ અને કોલેજો ૫૦ ટકા કેપેસીટી સાથે શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં કોરોનાની બીજી લહેર લગભગ સમાપ્તિના આરે છે. રાજયમાં દરરોજ નોંધાતા કેસોમાં ભારે ઘટાડો આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો ક્યાંક ક્યાંક જ કેસ નોંધાઈ રહ્યા છે. જ્યારે શહેરી વિસ્તારોમાં પણ ગણતરીના કેસો જ નોંધાઈ રહ્યા છે. કોરોનાના કેસોની ઓછી સંખ્યાના કારણે રાજ્ય સરકારે ભારે છૂટછાટ આપવાનુ શરૂ કર્યુ છે. હોટલો, રેસ્ટોરન્ટ અને શોપીંગ કોમ્પલેકસને શરૂ કરવાની પરવાનગી મળી ચૂકી છે. કોરોનાનો ડર ભુલીને લોકો બહાર હરવા-ફરવા માંડ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી આ પરિસ્થિતિ રહેતા આખરે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તબક્કાવાર શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં શૈક્ષણિક સંસ્થાઓ ધીમે ધીમે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં ૧૫મી જુલાઈ ૨૦૨૧થી ધો. ૧૨ના વર્ગો, પોલિટેકનીક સંસ્થાઓ અને કોલેજો ૫૦ ટકા કેપેસીટી સાથે શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાલીઓની સંમતિ સાથે આ સંસ્થાઓ શરૂ કરી શકાશે. આ સંસ્થાઓમાં હાજરીને મરજીયાત રાખવામાં આવી છે. કોર કમિટિની બેઠકમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર, શિક્ષણ અગ્ર સચિવ એસ.જે. હૈદર, મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર અને શિક્ષણ સચિવ વિનોદ રાવ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લામાં ૧૦ થી ૧૪ જુલાઈ દરમ્યાન વરસાદ થશે

ગાંધીનગર, તા. ૯

આજથી સળંગ પાંચ દિવસ સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં વ્યક્ત કરવામાં આવી છે.

કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રકાશિત થતા આ બુલેટીનના અંક નં. ૨૯ માં જણાવ્યા પ્રમાણે ૧૦ થી ૧૪ જુલાઈ દરમ્યાન આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

મહત્તમ તાપમાન ૩૩-૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૯ થી ૭૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં જણાવાયુ છે કે વાવણી વખતે બિયારણ અને રાસાયણીક ખાતરનું મિશ્રણ કરવાથી બિયારણને નુકશાન થઈ શકે છે. રાસાયણિક ખાતર હંમેશા બીજથી ૫ સે.મી. જેટલુ દૂર રહે તેમ આપવુ જરૂરી છે.

# જિલ્લામાં કોરોનાના વધુ ૩ કેસ

**શહેરમાં વાવોલ અને ધોળાકુવામાં નોંધાયા, ગ્રામ્યમાં અડાલજમાં ૭૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં બે અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો '૦' થયા પછી પુનઃ શરૂ થતાં જ તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી દીધી છે તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા પણ તમામ અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે સમાવિષ્ટ ધોળાકુવા અને વાવોલ ગામમાંથી એક એક કેસ મળી આવેલ છે. ધોળાકુવા ગામેથી ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાં ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાને પાર કરી ગયો છે. તંત્રએ દાવો કર્યો છે કે શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. છુટા છવાયા એકલ-દોકલ કેસ મળી રહ્યા છે. જો કે તંત્રએ આવા કેસોને ધ્યાને લઈ સઘન સર્વેલન્સ માટેની કડક તાકીદ કરી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૭૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૬૯ લોકોને હોમ ક્વોરન્ટાઈન રાખવામાં આવેલ છે.

# કમ્પાઉન્ડ વોલના કામમાં સાઈન બોર્ડસનો કચ્ચરઘાણ સેકટરવાસીઓમાં આક્રોશ

**સે-૫ માં સાઇનબોર્ડ ઉખાડી ફેંકાતા દિશાસુચક બોર્ડ પર વાહનો ફરી વળ્યા**




ગાંધીનગર તા ૯

શહેરમાં લાંબા સમયથી સાઈન બાર્ડસની જાળવણી ન થતા આમ પણ સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર મુકાયેલા દીશાસુચક બોર્ડસ તુટેલી અને નમેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. બીજીતરફ સેકટરોમાં હાથ ધરાયેલી કમ્પાઉન્ડ વોલની કામગીરી દરમિયાન સાઈન બોર્ડસ ઉખાડીને માર્ગ વચાળે ફેંકી દેવાતા હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે. સે-૫ માં માર્ગ વચાળે જમીનદોસ્ત થઈને પડેલા સાઈન બોર્ડસ પર વાહનો ફરી વળતા સાઈન બોર્ડનો કચ્ચરઘાણ વળી ગયો છે. લાખોના ખર્ચે મુકાયેલા સાઈન બોર્ડસનો ખર્ચ પણ માથે પડયો છે.




શહેરમાં અગાઉ વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરને દુલ્હનની જેમ સુશોભિત કરવામાં આવ્યુ હતુ. જયારે આ દરમિયાન માર્ગ સુધારણાની સાથે રોડ ફર્નિચરના કામો પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દરવખતે સાઈન બોર્ડની પણ યોગ્ય રીતે જાળવણી કરવામાં આવે છે. નગરના પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી તૈયાર કરવા સહીત સેકટરોમાં પણ મુખ્યમાર્ગો પર નવા સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા હતા. શહેરમાં બહારથી આવતા મુલાકાતીઓને બધુ એકસરખુ જ લાગે છે. જયારે શહેરનુ પ્લાનીંગ તેમજ ભૌગોલિક રચના પણ એ મુજબની હોવાથી બહારગામથી આવતા મુલાકાતીઓ ભુલભુલૈયાની સ્થિતિ વચ્ચે અટવાય છે. ત્યારે ઠેર ઠેર મુકવામાં આવેલા સાઈન બોર્ડસ આ મુલાકાતીઓ માટે ઉપયોગી થાય છે. પરંતુ રાહદારીઓને દીશાસુચવતા સાઈનબોર્ડસ જ હાલ દીશાવિહોણાં બન્યા છે. શહેરમાં સાઈનબોર્ડસની જાળવણી ન થતા સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર સાઈન બોર્ડસ તુટેલી , નમેલી અને જમીનદોસ્ત થયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. લાંબા સમયથી તંત્ર દ્વારા સાઈન બોર્ડ તરફ ધ્યાન ન અપાતા હવે તો જમીનદોસ્ત થયેલા સાઈન બોર્ડ પરથી વાહનો પણ પસાર થઈ જતા હોવાના કિસ્સા સામે આવ્યા છે. જેના લીધે સાઈન બોર્ડનો પણ કચ્ચરઘાણ વળી જાય છે. સેકટરોમાં વિવિધ કામગીરીને અનુલક્ષી હાથ ધરવામાં આવતા ખોદકામ દરમિયાન પણ સાઈન બોર્ડસને નુકશાન થાય છે. જયારે દુર કરેલા સાઈન બોર્ડસ ખોદકામના અંતે નિયત જગ્યાએ લગાવામાં પણ આવતા નથી. સે-૫ સી માં સી એન જી પમ્પ પાસે પણ આવી જ સ્થિતિ છે. સાઈન બોર્ડ માર્ગ વચાળે તુટેલી હાલતમાં પડયુ છે. સેકટરમાં કમ્પાઉન્ડ વોલ બનાવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે બોર્ડ ઉખાડીને માર્ગ વચાળે મુકી દેવાતા હાલ વાહનો આ બોર્ડ પરથી પસાર થઈ રહ્યા છે. કોર્પોરેશન કક્ષાએથી હાથ ધરાયેલી આ કામગીરી ફરી એકવાર સ્થાનિકો માટે નવી સમસ્યાઓ ઉભી કરનારી પુરવાર થઈ છે. અગાઉ વરસાદી પાણીના નિકાલ માટેના ખોદકામ દરમિયાન આમ નાગરિકોની પડતી તકલીફો ધ્યાને લીધા વિના આડેધડ ખોદાણ થયુ હતુ. જયારે હવે કમ્પાઉન્ડ વોલની કામગીરીના અંતે પણ સેકટરવાસીઓ માટે નતનવી સમસ્યાઓ ઉદભવે છે. સેકટરના સાઈનબાર્ડસ ઉખાડી ફેંકવામાં આવે છે. કોર્પોરેશનના બાબુઓ આ મામલે સ્થળ પર યોગ્ય સુપરવિઝન પણ કરતા નથી જેના લીધે આમ નાગરિકોએ ડગલે ને પગલે જોખમી સ્થિતિનો સામનો કરવો પડે છે.

## ૩ દિવસ બાદ જિલ્લામાં આજથી વેક્સિનેશન શરૂ

ગાંધીનગર, તા. ૯

ત્રણ દિવસ બાદ જિલ્લામાં આજથી પુનઃ વેક્સિનેશન અભિયાનનો આરંભ થશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ કેન્દ્રો પર અને ગાંધીનગર શહેરમાં ૧૫ કેન્દ્રો પર આ વેક્સિનેશન અભિયાન હાથ ધરવામાં આવશે.

બુધ, ગુરૂ અને શુક્ર એમ ત્રણ દિવસ વેક્સિનેશન અભિયાન સ્થગિત કરાયુ હતુ હવે તે પુનઃ શરૂ થશે. વેક્સિનેશન અભિયાનના મોનીટરીંગ માટે જિલ્લા દ્વારા અધિકારીઓને ખાસ જવાબદારી પણ સોંપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪,૦૧,૦૨૫ લોકને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અપાયો છે જ્યારે ૧,૧૦,૩૦૦ લોકોને વેક્સિનેશનનો બીજો ડોઝ અપાયો છે. ગાંધીનગર શહેરમાં ૩,૧૩,૦૩૨ લોકોને અત્યાર સુધીમાં વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨,૪૬,૯૫૫ લોકોને પ્રથમ ડોઝ અને ૬૬,૦૭૭ લોકોને વેક્સિનેશનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. ૩ દિવસ બાદ શરૂ થઈ રહેલા વેક્સિનેશન અભિયાન અંગે તંત્રએ તેની તૈયારીઓ પૂરી કરી લીધી છે.

# કલોલના કોલેરાગ્રસ્ત વિસ્તારની જિલ્લા કલેકટરે મુલાકાત લીધી

**સફાઇ કરેલ ટાંકીનું જાત નિરીક્ષણ કર્યુ : કલોલના સ્થાનિક પદાધિકારીઓ, નાગરિકો અને અધિકારીઓ સાથે કલેકટરની અધ્યતામાં બેઠક યોજાઇ**

ગાંધીનગર, તા. ૯

કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ સ્થિર બની છે. કલોલ અને ગાંધીનગરમાં નોંધાયેલા ઝાડા-ઉલ્ટીના કેસોથી ચિંતીત બનેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આજે જિલ્લા કલેકટર અને જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સાથે ફોન પર વાત કરી સ્થિતિની જાણકારી મેળવી હતી તેમજ આરોગ્યની સેવાઓ સરળતાથી લોકોને ઉપલબ્ધ થાય તે જોવા સૂચનાઓ પણ આપી હતી.

કલોલ શહેરમાં આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૪૬ જેટલા નવા કેસ મળી આવ્યા હતા. આ પૈકી ૧૯ દર્દીને સારવાર માટે દાખલ કવામાં આવ્યા છે. આજે પણ તંત્ર દ્વારા કેટલાક સ્ટૂલ સેમ્પલનો ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

શહેરમાં પરિસ્થિતિ આગામી બે-ત્રણ દિવસમાં જ નિયંત્રણમાં આવી જશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ.કુલદીપ આર્યએ આજે કલોલ શહેરના કોલેરાગ્રસ્ત વિસ્તારની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમજ સ્થાનિક અગ્રણી-નાગરિકો અને અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારોએ નાગરિકોની સુખાકારી અને સ્વાસ્થ્યની કાળજીને હંમેશા પ્રાથમિકતા આપી છે : અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ઉદ્‌ભવેલ કોલેરાની પરિસ્થિતિ અંગે ગાંધીનગર જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી સાથે ટેલીફોનિક વાતચીત કરી, પરિસ્થિતિનો તાગ મેળવી, પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને જરૂરી તમામ પગલાઓ લઈ તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

અમિતભાઈ શાહે કહ્યુ હતુ કે કેન્દ્ર અને રાજયની ભાજપા સરકારોએ નાગરિકોની સુખાકારી અને સ્વાસ્થની કાળજીને હંમેશા પ્રાથમિકતા આપી છે. તેઓએ કોલેરાને ડામવા માટેના પગલાંઓ લેવા અને અસરગ્રસ્ત વિસ્તારમાં સમાવિષ્ટ નાગરિકોને જરૂરી મેડિકલ સહાય તાત્કાલિક ઉપલબ્ધ કરવા માટે પ્રશાસનને સૂચનાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર લોકસભાના સાંસદ અમિતભાઈ શાહના શિરે કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રાલયની બેવડી જવાબદારી હોવા છતાં તેઓ તેમના લોકસભા ક્ષેત્રની તમામ સમસ્યાઓથી અવગત અને સંવેદનશીલ રહે છે અને નાગરિકોની કાળજી માટે સતત કાર્યશીલ રહી પ્રશાસનિક માર્ગદર્શન અને સૂચનાઓ આપતા રહે છે.

# મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો હજુ પણ તુટેલી હાલતમાં

**વરસાદી દિવસો માથે છે ત્યારે આવી જોખમી ચેમ્બરો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત**

ગાંધીનગર તા ૯

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો હજુ પણ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. વરસાદી દિવસો માથે છે ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોના લીધે ગાબડા ઉભા થયા છે. તંત્ર દ્વારા આ ફરિયાદો નિવારવા માટે અગાઉ શહેરના મુખ્યમાર્ગો પર ચેમ્બરના નવા ઢાંકણો નાંખવામાં આવ્યા હતા. પરંતુ હાલ પણ શહેરના મુખ્યમાર્ગો પર કેટલાક સ્થળોએ સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરમાં ભયજનક ગાબડા જોવા મળી રહ્યા છે.

શહેરમાં એકબાજુ ગટરોના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો વધી છે. જયારે મુખ્યમાર્ગો પર સ્ટાર્મ વોટર લાઈનના ઢાંકણો પણ તુટી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા વરસાદી દિવસો પુર્વે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ પણ કરવામાં આવે છે. જેથી વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો પર વરસાદી પાણીના નિકાલની ચેમ્બરો માર્ગ વચાળે હોવાથી વારંવાર ચેમ્બરના ઢાંકણો તુટી જાય છે. જેના લીધે માર્ગ વચાળે જોખમી સ્થિતિ



સર્જાય છે. તુટેલી સ્ટોર્મ વોટરની ચેમ્બરના લીધે અનેકવાર અકસ્માત પણ થાય છે. શહેરના મોટાભાગના માર્ગો પર આ સમસ્યા જોવા મળી રહી છે. મુખ્યમાર્ગો તેમજ કેટલાક આંતરિક વિસ્તારમાં ચેમ્બરો તુટેલી તેમજ ગટરના ઢાકણો પણ જોખમી હાલતમાં હોવાથી વાહનચાલકો તેમજ અન્ય રાહદારીઓ માટે પણ અકસ્માતનો ખતરો મંડરાયો છે. અગાઉ તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો નવા નાંખવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના મોટાભાગના માર્ગો પર આ જોખમી સ્થિતિ નિવારવા માટે નવી ચેમ્બરોનુ ફીટીંગ કરી દેવાયુ છે. પરંતુ હજુ પણ શહેરના માર્ગો પર આ પ્રમાણે તુટેલી ચેમ્બરો જોવા મળી રહી છે. સે-૬ :૧૨ પાસે જ આવી તુટેલી ચેમ્બરના લીધે વારંવાર અકસ્માત થાય છે. વરસાદી દિવસો માથે છે ત્યારે આ પ્રકારના ખુલ્લા ઢાંકણો કે વરસાદી લાઈનની ચેમ્બરો વધુ ભયજનક પુરવાર થાય તેવી સ્થિતિ છે. શહેરમાં આ માટે યોગ્ય સર્વે હાથ ધરીને તુટેલી ચેમ્બરોનુ યોગ્ય રીતે કામ હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com